પેજ 3

## કર્ણાટક હાઈકોર્ટે પોલીસને અભિનેતા રણવીર સિંહ વિરુદ્ધ કડક પગલાં ન લેવા આદેશ આપ્યો



બેંગલુરુ, તા. 24 (PTI): બોલિવૂડ અભિનેતા રણવીર સિંહને રાહત આપતાં કર્ણાટક હાઈકોર્ટે મંગળવારે પોલીસને સ્થાનિક દેવીની કથિત મજાક ઉડાવવા સંબંધિત કેસમાં તેની વિરુદ્ધ કોઈ પણ કડક પગલાં ન લેવા આદેશ આપ્યો છે. ગોવામાં ફિલ્મફેર એવોર્ડ્સ ઇવેન્ટ દરમિયાન, સિંહે 'કાંતારા ચેપ્ટર-1'માં દેવી ચાવુંડીના 'આવેશ'માં જોવા મળતા અભિનેતા-નિર્દેશક રિષભ શેટ્ટીના પાત્રની નકલ કરી મજાક ઉડાવવા બદલ નોંધાયેલી એફઆઈઆર રદ કરવાની તેમની અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ એમ. નાગાપ્રસન્નાની બેન્ચે બેંગલુરુ પોલીસને આ નિર્દેશ આપ્યો હતો. બેન્ચે અભિનેતાને તેના વર્તન માટે ઠપકો પણ આપ્યો હતો અને કહ્યું હતું કે, ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનું સહન કરવામાં આવશે નહીં. કોર્ટે તેને તપાસમાં સહકાર આપવા પણ નિર્દેશ આપ્યો હતો. તેણે ચાવુંડી દેવીને ભૂત તરીકે પણ સંબોધ્યા હતા.

## ધ કેરળ સ્ટોરી-2 ફિલ્મ રાજ્યની છબી ખોટી રીતે રજૂ કરે છે : હાઈકોર્ટ

**રાજ્યના** નામનો ઉપયોગ અને ફિલ્મ સાચી હકીકતો પર આધારિત હોવાનો દાવો તે રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરી શકે, કોર્ટે રિલિઝ પહેલા ફિલ્મ જોવાની વાત કરી




કોચી, તા. 24 (પીટીઆઈ): કેરળ હાઈકોર્ટે મંગળવારે 'ધ કેરળ સ્ટોરી 2 - ગોઝ બિયોન્ડ' ફિલ્મ અંગે અવલોકન કરતા કહ્યું હતું કે, આ ફિલ્મ કેરળ જેવા રાજ્યને ખોટી રીતે રજૂ કરે છે જ્યાં દરેક વ્યક્તિ સાંપ્રદાયિક સૌહાર્દ સાથે રહે છે. જસ્ટિસ બેચુ કુરિયન થોમસે અવલોકન કર્યું કે રાજ્યના નામનો ઉપયોગ કરવો અને ફિલ્મ સાચી હકીકતો પર આધારિત હોવાનો દાવો કરવો તે રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરી શકે છે. ફિલ્મને મળેલા સાર્વજનિક પ્રદર્શનના પ્રમાણપત્રને રદ કરવાની માગ કરતી ત્રણ અલગ-અલગ અરજીઓ પર સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ફિલ્મના નિર્માતાઓ ફિલ્મના ટીઝર પાછા ખેંચવા તૈયાર છે. કોર્ટે સંકેત આપ્યો છે કે તે 27 ફેબ્રુઆરીના રોજ નિર્ધારિત રિલીઝ પહેલા આ ફિલ્મ પોતે જોવા માગે છે. આ સાથે જ કોર્ટે સેન્સર બોર્ડને પણ પૂછ્યું છે કે શું ફિલ્મ તમામ ફરજિયાત માર્ગદર્શિકાનું પાલન કરે છે કે નહીં. કોર્ટ હવે આ મામલે બુધવારે વધુ સુનાવણી કરશે. અરજીકર્તાઓમાંના એક શ્રીદેવ નમ્બૂદિરીએ દાવો કર્યો છે કે ફિલ્મના શીર્ષકમાં જ વાંધો છે.

## દો દિવાને સહેર મેં: 'સહેરી' જીવનની દોડધામ વચ્ચે ખીલતી એક સાદી અને સરળ પ્રેમકથા



**મૂવી રિવ્યુ**

**અમર સોલંકી દ્વારા**

ફિલ્મ: દો દિવાને સહેર મેં (યુએ)

રેટીંગ: ★★☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: આ ફિલ્મ ચુપચાપ દિલ પર અસર કરી જાય છે, જો સાદગીભર્યી લવ સ્ટોર ગમતી હોય તો ફિલ્મ જોઈ શકો છો

**અભિનેતાઃ** સિદ્ધાંત ચતુર્વેદી, મૃણાલ ઠાકુર, સંદીપા ધર, જોય સેનગુપ્તા, આયશા રજા મિશ્રા, ઈલા અરૂણ **નિર્માતાઃ** ઝી સ્ટુડિયો, ભાનુશાલી પ્રોડક્શન **નિર્દેશકઃ** રવિ ઉદિયાવર

'દો દીવાને સહેર મેં' એક અત્યંત આત્મવિશ્વાસુ યુવતી અને આત્મવિશ્વાસના અભાવથી પીડાતા યુવકની પ્રેમકથા છે. રોશની દિલ તૂટ્યા બાદ તેના માતા-પિતાની ઈચ્છાથી લગ્ન માટે મુરતિયાઓને મળી રહી છે. આ પ્રક્રિયામાં તે શશાંક (સિદ્ધાંત ચતુર્વેદી) ને મળે છે. રોશની કોન્ફિડન્ટ વર્કિંગ વુમન છે, જ્યારે શશાંક 'શ'ને 'સ' ઉચ્ચારવાની સમસ્યાને કારણે લઘુતાગ્રંથિ અનુભવે છે. શરૂઆતમાં નકાર્યા બાદ, શશાંકના સતત પ્રયત્નોથી રોશની પીગળે છે, પરંતુ શું આ અરેન્જડ મેરેજ પ્રેમમાં પરિણમશે?

અભિરુચિ ચંદની વાર્તામાં એક હૃદયસ્પર્શી લવ સ્ટોરી બનવાની ક્ષમતા હતી, પરંતુ નબળી અને વિખરાયેલી પટકથાને કારણે તે પ્રભાવશાળી ડ્રામા બની શકી નથી. રોશની જેવું આધુનિક પાત્ર તેના માતા-પિતાની પસંદગી પર આટલી સરળતાથી માની જાય તે થોડું અજુગતું લાગે છે. કેટલીક હળવી ક્ષણો મનોરંજક છે, પરંતુ વારંવાર ખેંચાતો ડ્રામા દર્શકોને કંટાળો આપે છે. પ્રેમીઓના વિખૂટા પડવાની પીડા પ્રેક્ષકો સુધી પહોંચતી નથી, કારણ કે ક્લાઈમેક્સ અનુમાનિત છે. સંવાદો ક્યાંક સારા છે.

સિદ્ધાંત ચતુર્વેદીએ શશાંક તરીકે સારો અભિનય કર્યો છે. મૃણાલ ઠાકુર રોશની તરીકે અત્યંત સ્વાભાવિક લાગે છે. સહ-કલાકારોમાં વિરાજ ઘેલાણી મનોરંજક છે, જ્યારે આયેશા રઝા અને જોય સેનગુપ્તાએ માતા-પિતા તરીકે યોગ્ય ન્યાય આપ્યો છે. સંદીપા ધાર અને ઈલા અરુણનો અભિનય સારો છે, પણ તેમના રોલ મર્યાદિત છે. રવિ ઉદિયાવરનું નિર્દેશન સરેરાશ છે, કારણ કે નબળી સ્ક્રિપ્ટે તેમના હાથ બાંધી દીધા છે. સંગીત ઠીક છે પણ યાદગાર કહી શકાય તેવા ગીતોનો અભાવ છે. સિનેમેટોગ્રાફી ઉચ્ચ કક્ષાની છે.

## ઈન્દૌર ભગીરથપુરામાં ફરી સ્વાસ્થ્ય સંકટ : દૂષિત ભોજનથી છ હોસ્પિટલમાં

**ભાગીરથપુરા** વિસ્તાર અગાઉ દૂષિત પાણીને કારણે ઝાડા-ઊલટીના રોગચાળાનું કેન્દ્ર રહ્યો હતો

ઈન્દૌર, તા. 24 (પીટીઆઈ): ઈન્દૌરના ભાગીરથપુરા વિસ્તારમાં દૂષિત ખોરાક ખાવાથી છ વ્યક્તિઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે આ એ જ વિસ્તાર છે જે અગાઉ દૂષિત પાણીને કારણે ફાટી નીકળેલા ઝાડા-ઊલટીના રોગચાળાનું કેન્દ્ર રહ્યો હતો, જેમાં સત્તાવાર રીતે 22 લોકોના મોત થયાં હતાં.

મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી ડો. માધવ હસાનીએ જણાવ્યું કે, શનિવારે રાત્રે ભાગીરથપુરામાં એક જન્મદિવસની પાર્ટીમાં અંદાજે 60 લોકોએ ભોજન લીધું હતું. ત્યારબાદ રવિવારે કેટલાક લોકોની તબિયત બગડી હતી. અમુક લોકોને સારવાર આપવામાં આવી હતી અને સાવચેતીના ભાગરૂપે 6 લોકોને સરકારી મહારાજા યશવંતરાય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે,





# અમેરિકાના પૂર્વીય કાંઠે સ્નો હરિકેનમાં બેનાં મોત

**હજારો** ફ્લાઇટો રદ થતાં પ્રવાસની ભારે અંધાધૂંધી

**વીજ** પુરવઠો ખોરવાતા પાંચ લાખ લોકો વિજળી વિહોણા

ન્યૂયોર્ક, તા. ૨૪: રવિવારે રાત્રે થયેલી પ્રચંડ હિમવર્ષા એ પૂર્વીય કિનારે ૨૦ ઈંચથી વધુ બરફ બિછાવી દેતા મુસાફરીની ભારે અરાજકતા વ્યાપી ગઈ છે. સોમવારે સવારે ન્યૂયોર્ક સિટી, ફિલાડેલ્ફિયા અને બોસ્ટન તરફ આવતી અને જતી લગભગ તમામ ફ્લાઈટ્સ ગંભીર હવામાનને કારણે રદ કરવામાં આવી હતી, જ્યારે આ વિનાશક તોફાનને પગલે અનેક રાજ્યોએ કટોકટીની સ્થિતિ જાહેર કરી છે.

રવિવારથી અત્યાર સુધીમાં દેશભરમાં લગભગ ૯,૦૦૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આગામી દિવસો સુધી મુસાફરી પર આ તોફાનની અસર રહેવાની શક્યતા છે. ન્યૂયોર્કના જેએફકે (JFK) અને લાગાર્ડિયા, ન્યૂ જર્સીના નેવાર્ક, ફિલાડેલ્ફિયા અને વોશિંગ્ટન ડીસીના રીગન એરપોર્ટ પર સૌથી વધુ વિક્ષેપ જોવા મળી રહ્યો છે. આ 'સ્નો હરિકેન' પૂર્વીય કિનારે ત્રાટકતા બે લોકોના મોત થયા છે અને પાંચ લાખ લોકો વીજળી વગરના થઈ ગયા છે. ન્યૂયોર્કના લોન્ગ આઈલેન્ડમાં બરફના થર ૨૦ ઈંચથી વધુ પહોંચી ગયા છે, જ્યારે સોમવારે સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં સેન્ટ્રલ પાર્કમાં ૧૫ ઈંચ અને ન્યૂ જર્સીના નેવાર્કમાં ૧૮ ઈંચ બરફ નોંધાયો હતો. દર કલાકે બે થી ત્રણ ઈંચ બરફ પડવાની આગાહી સાથે, આ હિમવર્ષા ઐતિહાસિક સ્તરે પહોંચી શકે છે. અગાઉ ૨૨-૨૪ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સેન્ટ્રલ પાર્કમાં ૨૭.૫ ઈંચનો રેકોર્ડ નોંધાયો હતો. શહેરના અન્ય ઐતિહાસિક આંકડાઓમાં ૨૦૦૬માં ૨૬.૯ ઈંચ, ૧૯૪૭માં ૨૬.૪ ઈંચ અને ૧૮૮૮માં ૨૧ ઈંચ બરફનો સમાવેશ થાય છે.

## ચીનમાં ઝૂના 200 સાઇબેરીયન વાઘને સ્વૈચ્છિક ઉપવાસ પર રખાયા

**ફેસ્ટિવલ** દરમિયાન પ્રર્યટકો દ્વારા આ વાઘોને વધુ પડતા ખોરાક અપાયા પછી આ નિર્ણય લેવાયો



બેઇજિંગ, તા. 24 (PTI): ચીનના એક એનિમલ પાર્કમાં આશરે 200 સાઇબેરીયન વાઘને રોટેશનલ 'ઇન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ પ્રોગ્રામ' (સ્વૈચ્છીક ઉપવાસ ) હેઠળ રાખવામાં આવ્યા છે. કારણ કે, હાલમાં જ પૂર્ણ થયેલા ચાઇનીઝ ન્યૂ યર વેકેશન દરમિયાન પ્રવાસીઓ દ્વારા આ વાઘને વધુ પડતો ખોરાક ખવડાવવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે.

સોમવારે પાર્કના અધિકારીઓને ટાંકીને સ્ટેટ રન 'ગ્લોબલ ટાઇમ્સ' દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો કે, હિલોન્ગજિયાંગ પ્રાંતમાં આવેલા 'સાઇબેરીયન ટાઇગર પાર્ક'માં આ મોટા જંગલી પ્રાણીઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

તહેવારોની સીઝન દરમિયાન પાર્કમાં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેની સાથે વાઘને ખોરાક ખવડાવવાની પ્રવૃત્તિમાં પણ વધારો થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આથી ખોરાક સંબંધિત સુધારાત્મક પગલાં લેવા જરૂરી બન્યા હતા.

એક જાહેર નોટિસમાં પાર્કે જણાવ્યું હતું કે, વાઘના સ્વાસ્થ્ય અને કલ્યાણને સુરક્ષિત રાખવા માટે તે 31 માર્ચ સુધી આ રોટેશનલ ફાસ્ટિંગ પ્રોગ્રામ લાગુ કરી રહ્યું છે.

8,00,000 ચોરસ મીટરમાં ફેલાયેલો આ પાર્ક એક રાષ્ટ્રીય એએએએ-સ્તરનું પ્રવાસી આકર્ષણ છે, જે પ્રવાસન અને જોવાલાયક સ્થળોની સેવાઓ ઉપરાંત સાઇબેરીયન વાઘના સંવર્ધન, વૈજ્ઞાનિક સંશોધન, સંરક્ષણ અને જાહેર શિક્ષણનું સંયોજન કરે છે.

**રશિયા-યુક્રેન યુદ્ધને ચાર વર્ષ પુરા થયા**

## યુક્રેનિયનોનું મનોબળ રશિયા તોડી શક્યું નથી : ઝેલેન્સ્કી

**બીજા** વિશ્વયુદ્ધ પછીનું યુરોપનું આ સૌથી લાંબુ યુદ્ધ હજારો લોકોનો ભોગ લઇ ચુક્યું છે

**એક** ડઝનથી વધુ સીનિયર યુરોપિયન અધિકારીઓ સંઘર્ષની વર્ષગાંઠે સમર્થન માટે કીવ પહોંચ્યા



કિવ, ૨૪ ફેબ્રુઆરી (AP): પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ મંગળવારે જાહેર કર્યું હતું કે રશિયાએ યુક્રેનિયનોના મનોબળને તોડ્યું નથી કે આ યુદ્ધમાં વિજય મેળવ્યો નથી. આક્રમણના ચાર વર્ષ પૂર્ણ થયા છે જેણે કિવ અને તેના સાથી દેશોના સંકલ્પની આકરી કસોટી કરી છે અને મોસ્કોની મહત્વાકાંક્ષાઓના વ્યાપ અંગે સમગ્ર યુરોપમાં ભય પેદા કર્યો છે.

સમર્થન દર્શાવવા માટે, એક ડઝનથી વધુ વરિષ્ઠ યુરોપિયન અધિકારીઓ આ સંઘર્ષની ઉદાસ વર્ષગાંઠ નિમિત્તે યુક્રેનની રાજધાની પહોંચ્યા હતા. આ યુદ્ધમાં અત્યાર સુધી હજારો લોકોના મોત થયા છે, લાખો યુક્રેનિયનોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને તેની સરહદોની બહાર પણ અસ્થિરતા સર્જાઈ છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે તેમનો દેશ રશિયાની વિશાળ અને વધુ સજ્જ સેનાના હુમલા સામે ટકી રહ્યો છે. વોશિંગ્ટન સ્થિત થિંક ટેન્ક 'ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ સ્ટડી ઓફ વોર' અનુસાર, રશિયાએ છેલ્લા એક વર્ષના યુદ્ધ દરમિયાન યુક્રેનના માત્ર ૦.૭૯ ટકા પ્રદેશ પર કબજો કર્યો છે. હાલમાં રશિયા પાસે યુક્રેનનો લગભગ ૨૦ ટકા હિસ્સો છે.

જેમ જેમ આ સંઘર્ષ પાંચમા વર્ષમાં પ્રવેશ્યો છે, તેમ બીજા વિશ્વયુદ્ધ પછીના ખંડના આ સૌથી મોટા સંઘર્ષને સમાપ્ત કરવા માટેના અમેરિકા પ્રેરિત રાજદ્વારી પ્રયાસો કોઈ સમાધાન તરફ પહોંચતા જણાતા નથી. વાટાઘાટો મુખ્યત્વે ડોનબાસ વિસ્તારના ભાવિ પર અટકેલી છે–જે પૂર્વ યુક્રેનનું ઔદ્યોગિક કેન્દ્ર છે અને જેના મોટાભાગના હિસ્સા પર રશિયન દળોનો કબજો છે, પરંતુ તેઓ તેને સંપૂર્ણ રીતે કબજે કરવામાં નિષ્ફળ રહ્યા છે. સાથે જ, કિવ ભવિષ્યના કોઈપણ રશિયન આક્રમણને રોકવા માટે યુદ્ધ પછીની સુરક્ષા વ્યવસ્થાની શરતોની માંગ કરી રહ્યું છે.

## અંદામાન:7લોકોનેલઈજતુંહેલિકોપ્ટર સમુદ્રમાં તૂટી પડ્યું, તમામનો બચાવ

**ટેક્નિકલ** ખામી સર્જાતાં પાઇલટે સમુદ્ર પર ક્રેશ-લેન્ડિંગ કર્યું




શ્રી વિજયાપુરમ, તા. 24 (PTI): ઉત્તર અને મધ્ય અંદામાન જિલ્લાના રંગતથી મંગળવારે સવારે ઉડાન ભર્યા બાદ બે ક્રૂ મેમ્બર સહિત સાત લોકોને લઈ જતું પવન હંસનું એક હેલિકોપ્ટર સમુદ્રમાં તૂટી પડ્યું હતું અને તે તમામને બચાવી લેવામાં આવ્યા છે. તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, આ અકસ્માત સવારે 9.30 વાગ્યાની આસપાસ જિલ્લાના માયાબંદર ખાતે તેના નિર્ધારિત લેન્ડિંગ પહેલા થયો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, સમુદ્રની વચ્ચેથી બચાવી લેવાયેલા તમામ પાંચ મુસાફરો અને બે ક્રૂ મેમ્બરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

નાગરિક ઉડ્ડયનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''હેલિકોપ્ટર સવારે 9.30 વાગ્યાની આસપાસ સમુદ્રમાં તૂટી પડ્યું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કોઈ ટેક્નિકલ ખામી સર્જાઈ હતી અને પાઈલટે સમુદ્ર પર ક્રેશ-લેન્ડિંગ કર્યું હતું.'' અધિકારીએ ઉમેર્યું કે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

પવન હંસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''હેલિકોપ્ટરે પોર્ટ બ્લેયરથી સવારે 8.30 વાગ્યે રંગત માટે ઉડાન ભરી હતી. સવારે 9.10 વાગ્યે તેણે માયાબંદર માટે ઉડાન ભરી હતી અને સવારે 9.30 વાગ્યે ઉતરાણ કરવાનું હતું. જોકે, તે રનવેથી 300 મીટર દૂર સમુદ્રમાં તૂટી પડ્યું હતું. તેમાં પાંચ મુસાફરો અને બે ક્રૂ મેમ્બર સવાર હતા. તમામને બચાવી લેવામાં આવ્યા છે અને તેઓ સુરક્ષિત છે.''



## ઇરાન સાથે યુદ્ધ પહેલા યુદ્ધ જહાજ અમેરિકી સૈનિકો શૌચાલય માટે લડી રહ્યા છે!

**ઇરાન** નજીક તૈનાત કરવામાં આવેલ અમેરિકાના વિમાન વાહક જહાજ 'USS જેરાલ્ડ આર. ફોર્ડ' પર મોટાભાગના શૌચલયો જામ થઇ જવાથી ભારે કઠણ પરિસ્થિતિ

દુબઈ, તા. ૨૪ : ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને મળેલી ધમકી બાદ મધ્ય પૂર્વમાં યુદ્ધના નગારા વાગી રહ્યા છે, ત્યારે અમેરિકી નૌકાદળનું અગ્રણી વિમાનવાહક જહાજ એક એવી લડાઈ લડી રહ્યું છે જે નાટ્યાત્મક કરતા જરાય ઓછી નથી. ન્યુક્લિયર પાવરથી ચાલતા 'USS જેરાલ્ડ આર. ફોર્ડ' પર શૌચાલયો જામ થઈ જવા અને ગટર વ્યવસ્થા ઠપ્પ થઈ જવાથી, ત્યાં તૈનાત 4,500 થી વધુ ખલાસીઓનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ એ જ જહાજ છે જે અમેરિકાના દરિયાપારના હુમલાઓના ઓપરેશનનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે.

વાત માત્ર આટલેથી અટકતી નથી. આ યુદ્ધ જહાજની તૈનાતીનો સમયગાળો લંબાવીને હવે આઠમો મહિનો ચાલી રહ્યો છે, જેણે થાકેલા ખલાસીઓની માનસિક મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. USS જેરાલ્ડ આર. ફોર્ડ જૂન 2025થી સમુદ્રમાં છે. જાન્યુઆરીમાં, વેનેઝુએલા પરના અમેરિકી હુમલામાં તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. હવે ઈરાન સાથેના તણાવ વચ્ચે આ જહાજને મધ્ય પૂર્વમાં તૈનાત કરવામાં આવ્યું છે, પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે વિશ્વના સૌથી મોંઘા ગણાતા (13.3 અબજ ડોલરના) આ યુદ્ધ જહાજમાં શૌચાલયો અને ગટર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

'વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ અને ખલાસીઓના ઈન્ટરવ્યુ મુજબ, જહાજમાં રહેલા 650 શૌચાલયોમાંથી મોટાભાગના જામ થઈ જવાથી બંધ હાલતમાં છે. જહાજ સતત મિશન પર હોવાથી તેની નિયમિત જાળવણી થઈ શકી નથી, જે આ સમસ્યાનું મુખ્ય કારણ છે. સ્થિતિ એટલી ગંભીર છે કે શૌચાલયના ઉપયોગ માટે દરરોજ 45 મિનિટ સુધી લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે. આ બાબતે નૌકાસૈનિકો અને પ્લમ્બિંગનું કામ કરતા ટેકનિશિયનો વચ્ચે વારંવાર ઘર્ષણ થાય છે અને સૈનિકો વચ્ચે અંદરોઅંદર પણ લડાઈ થાય છે.

## NCERTના નવા પુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને પડતર કેસોનો ઉલ્લેખ

**પુસ્તકમાં** જજોની અપૂરતી સંખ્યા જેવા કેટલાંક પડકારોની ચર્ચા કરવામાં આવી છે

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાનના નવા એનસીઈઆરટી પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રની ખામીઓ અને પડકારો વિશે ગંભીર ચર્ચા કરવામાં આવી છે. 'આપણા સમાજમાં ન્યાયતંત્રની ભૂમિકા' નામના સુધારેલા પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે કે, ન્યાયતંત્ર હાલમાં ભ્રષ્ટાચાર, મોટી સંખ્યામાં પડતર કેસો અને જજોની અપૂરતી સંખ્યા જેવા મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે.

અગાઉના પુસ્તકોમાં માત્ર અદાલતોના માળખા અને તેની ભૂમિકા પર ધ્યાન આપવામાં આવતું હતું, પરંતુ નવા પુસ્તકમાં ન્યાયિક વ્યવસ્થાની આંતરિક સમસ્યાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

પુસ્તક મુજબ, ન્યાયતંત્રના વિવિધ સ્તરો પર લોકો ભ્રષ્ટાચારનો અનુભવ કરે છે, જે ખાસ કરીને ગરીબ અને વંચિત વર્ગો માટે ન્યાય મેળવવો મુશ્કેલ બનાવે છે. આ સ્થિતિ સુધારવા માટે રાજ્ય અને કેન્દ્ર સ્તરે ટેકનોલોજીના ઉપયોગ સહિત અન્ય ઉપાયો દ્વારા પારદર્શિતા વધારવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. પાઠ્યપુસ્તકમાં પડતર કેસોના ચોંકાવનારા આંકડા રજૂ કરવામાં આવ્યા છે, જે મુજબ સુપ્રીમ કોર્ટમાં અંદાજે 81,000, હાઈકોર્ટમાં 62.40 લાખ અને જિલ્લા અદાલતોમાં 4.70 કરોડ કેસ પડતર છે.

**ડેડીકેટેડ ફ્રેટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ**
ભારત સરકારનું સાહસ (રેલ મંત્રાલય)

**ટેન્ડર આમંત્રણ સૂચના**

ચીફ જનરલ મેનેજર/વડોદરા, DFCCIL વતી, નીચેના કામના અમલીકરણ માટે જરૂરી અનુભવ અને નાણાકીય ક્ષમતા ધરાવતી ફર્મ/કંપનીઓ પાસેથી નિર્ધારિત ફોર્મ પર સિંગલ પેકેટ સિસ્ટમ દ્વારા ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે: ઈ-ટેન્ડર સંખ્યાઃ ST-EN-OHE-MPRN-BHETN-334, કાર્યનું નામઃ "જીએમ (સમન્વય)/DFCCIL/સુરતના અધિકાર ક્ષેત્રમાં ન્યુ મકરપુરા (425.000 કિમી) અને ન્યુ ભેસ્તાન (286.867 કિમી) સ્ટેશનો વચ્ચે સ્થિત ઊંચા પાળા વિસ્તારમાં OHE માસ્ટ ફાઉન્ડેશનની સુરક્ષા." અંદાજિત ખર્ચઃ રૂ. 68,81,668.79 (GST સહિત) (માત્ર અડસઠ લાખ એક્યાસી હજાર છસો અડસઠ રૂપિયા અને ઓગણએંસી પૈસા), પૂર્ણ થવાનો સમયગાળોઃ 1 વર્ષ ટેન્ડર ખર્ચઃ શૂન્ય, બાનાની રકમ (EMD): રૂ. 1,37,600.00/- (માત્ર એક લાખ સાડત્રીસ હજાર છસો રૂપિયા). પ્રસ્તાવની માન્યતાઃ ટેન્ડરની ટેકનિકલ બિડ ખુલવાની તારીખથી 120 દિવસ, ઓફિસ ઇન-ચાર્જ અને હેલ્પ ડેસ્કઃ 1. શ્રી વિજય કુમાર (ડેપ્યુટી ઓપરેશન મેનેજર/સિવિલ/MPRN) ફોનઃ +91-7490021483, ઈમેલઃ vijaykumar@dfcc.co.in 2. શ્રી રાજેશ વી. મિશ્રા (ડેપ્યુટી CPM/એન્જિ./BRC) ફોનઃ +91-8511165907, ઈમેલ આઈડીઃ rajeshmishra@dfcc.co.in IREPS હેલ્પડેસ્કઃ 011-23761525, NIT અને ટેન્ડર દસ્તાવેજોના પ્રકાશનનો સમય અને તારીખઃ NIT અને ટેન્ડર દસ્તાવેજો 08.02.2026ના રોજ સાંજે 7:41 વાગ્યાથી IREPS અને DFCCIL ની વેબસાઇટ પર જોઈ શકાય છે. ટેન્ડર શરૂ થવાની અને સબમિટ કરવાની તારીખ અને સમયઃ ટેન્ડર પ્રક્રિયા www.ireps.gov.in પર 08.02.2026ના રોજ સાંજે 7:41 વાગ્યે શરૂ થશે અને 02.03.2026ના રોજ બપોરે 3:00 વાગ્યા સુધી ચાલશે. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 02.03.2026 ના રોજ બપોરે 3:30 વાગ્યે. નોંધઃ જો કોઈ સુધારો / પરિશિષ્ટ હશે તો તે માત્ર DFCCILની વેબસાઇટ અને www.ireps.gov.in પર જ દર્શાવવામાં આવશે.

ડેપ્યુટી ઓપરેશન મેનેજર/સિવિલ/BRC, DFCCIL/સુરત